અપીલ અરજી નં.૪૩૧ તા.૬–૩–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૬–ર–૧૦ ની અરજીથી (૧) ૧૫, સોમાકાનજીનીવાડી સવેરા કોમ્પલેક્ષનીપાછળની સામે ઉધના સુરત. (ર) ઉધના ત્રણ રસ્તા જે.પી. ફૂટવેર વાળુ બીલ્ડીંગ ઉધના, સુરત. (૩) કનૈયા ટ્રેડર્સ દક્ષેશ્વર મંદિર પાસે (૪) શિવરામ મીલની બાજુમાં ખટોદરા સુરત. ઉપરોકત ચાર જગ્યાએ ચાલી રહેલા બાંધકામોની કાયદેસરતા અને પરવાનગી માળ ક્ષેત્રફળ વગેરે તથા પરવાનગી ન આપી હોય તો જે તે અધિકારીઓના નામ વિ. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૧/ર૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૬–ર–૧૦ ની અરજીથી (૧) ૧૫, સોમાકાનજીનીવાડી સવેરા કોમ્પલેક્ષની પાછળની સામે ઉધના સુરત. (ર) ઉધના ત્રણ રસ્તા જે.પી. ફૂટવેર વાળુ બીલ્ડીંગ ઉધના, સુરત. (૩) કનૈયા ટ્રેડર્સ દક્ષેશ્વર મંદિર પાસે (૪) શિવરામ મીલની બાજુમાં ખટોદરા સુરત. ઉપરોકત ચાર જગ્યાએ ચાલી રહેલા બાંધકામોની કાયદેસરતા અને પરવાનગી માળ ક્ષેત્રફળ વગેરે તથા પરવાનગી ન આપી હોય તો જે તે અધિકારીઓના નામ વિ. માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૧૧૯ તા.૩–૩–૧૦ થી આપેલ માહિતી ખોટી અને અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૫૩ તા.૧ર–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૬–ર–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૪ માં જણાવેલ સ્થળોના બાંધકામોની કાયદેસરતા અને પરવાનીગીના માળ ક્ષેત્રફળ વિગેરે પરવાનગી ન આપી હોય તો અધિકારીઓના નામની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૧૯ તા.૩–૩–૧૦ થી આપેલી માહિતીમાં મુદ્દા નં.૧,ર અને ૪ ના બાંધકામો બંધ કરાવવામાં આવેલ છે તથા એમાં કોઈ પણ પ્ર કારની પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેવા મળેલા પ્રત્યુત્તરથી નારાજ થઈ ખોટી માહિતી તથા અધૂરી માહિતી આપેલ છે. બાંધકામ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં બંધ કરાવેલ છે તેનો ખોટો જવાબ તથા જવાબદાર અધિકારીઓના નામ આપેલ નથી. તથા ખોટી અને અધૂરી માહિતી આપવા માટે દંડાત્મક કાર્યવાહી કરવા રજૂઆત કરી તા.૬–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ બાબતે કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી તેમજ સદર બાંધકામોના વિસ્તારના લાગત કર્મચારી/અધિકારીઓના નામની વિગતો અરજદારને આપવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૬–ર–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ઉપરોકત જણાવેલ વિગતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે
(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,